## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**અમે એમ ને એમ સાધુ નથી થયા...અમને પહેલેથી ખબર હતી કે પેટ્રોલના ભાવ રૂપિયામાં વધશે ને પેટ્રોલમાં ઘટશે...!**

# જળસંચયમાં લોકભાગીદારીથી સફળતા





## જળ અભિયાન અંતર્ગત જિલ્લામાં જળસંચયનાં ૨૭૯ કામ થયાં : ૯૦ ટકા કામ લોકભાગીદારીથી થયાં : જળ અભિયાનના ૧૩૮ તળાવ ઉંડા કરવાના લક્ષ્યાંક સામે ૧૯૯ તળાવો ઉંડા કરવામાં આવ્યાં

ગાંધીનગર, તા. ૩૧

અમૂલ્ય પાણીનો ઉપયોગ પ્રસાદની જેમ કરવો જોઈએ. ગુજરાતની પાણીની તંગી અને દુકાળની પરિસ્થિતિને ભૂતકાળ બનાવવાના ઉમદા આશય સાથે રાજયભરમાં સુજલામ સુફલામ જળ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન થકી ગાંધીનગર જિલ્લામાં હયાત પાણીની ક્ષમતામાં ૨૨.૯૫ મીલીયન ઘન ફૂટનો વધારો થયો છે, તેવું છત્રાલ તળાવ ખાતે યોજાયેલ સુજલામ સુફલામ જળ અભિયાનના સમાપન સમારંભમાં મહિલા-બાળ કલ્યાણ રાજય મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ જણાવ્યું હતું.

નર્મદા જળ કળશનું પૂજન કરી અને કળશને માથે ઉંચકીને છત્રાલ તળાવમાં પધારવી રાજય મંત્રી વિભાવરીબેન દવેએ સમાપન સમારંભનો આરંભ કરાવી વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના ખૂણેખૂણાનો વિકાસ એ જ ગુજરાતનો મૂળ મંત્ર રહ્યો છે. વિકાસનો મૂળભૂત આધાર પાણી છે. સર્વાંગી વિકાસ માટે પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય અને જળનો વ્યય ન થાય એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે. સમગ્ર દેશમાં ગુજરાત રાજયે પ્રથમ વખત એક સરકારે એક માસ સુધી તળાવ ઉંડુ કરવાની કામગીરી કરી છે. આ કામગીરી થકી એક જળક્રાંતિ સર્જવાની દિશામાં નક્કર કદમ માંડ્યા છે. આ અભિયાન થકી પાણીના તળ ઉંચા આવશે, ખેતરની ફળદ્રપતા વધશે, જમીનમાં ખારાશની માત્રા ઘટશે જેવા અનેક ફાયદાઓ થશે.

જળ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લાની થયેલ કામગીરી બદલ સર્વે જિલ્લા વહીવટી તંત્ર અને જળ અભિયાનમાં સહભાગીદાર થનાર સર્વેને અભિનંદન પાઠવી મંત્રી વિભાવરીબેન દવેએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં જળ અભિયાનના ૯૦ ટકા કામો લોકભાગીદારીથી થયા છે. તેમજ ૨૫૫ના લક્ષ્યાંક સામે ૨૭૯ કામો કરવામાં આવ્યા છે. વિવિધ કામો કરીને ૬ લાખ ૫૦ હજાર ઘનમીટર માટી/કાંપનું ખોદણ કરવામાં આવ્યું છે. જિલ્લામાં તળાવ ઉંડુ કરવા, ચેકડેમ, આવરાની સફાઈ જેવા વિવિધ કામો કરવા માટે ૧૩ હજારથી વધુ શ્રમદાન, ૧૮૭ જેસીબી, ૨૯ હિટાચી, ૪૭૫ ટ્રેકટર, ૧૮૫ ડમ્પર અને ૪૭ સ્વૈચ્છિક-ઔધોગિક સંસ્થાઓના સહયોગથી આ ભગીરથ કાર્ય પૂર્ણ થયું છે. આ અભિયાનની આજે પૂર્ણાહુતિ નથી, પણ જળક્રાંતિનો આરંભ થયો છે, તેવું કહી આગામી બે વર્ષ માટે પણ આ અભિયાન ચાલશે તેવું પણ જણાવ્યું હતું.

જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ મહાનુભાવોનું સ્વાગત કરીને જણાવ્યું હતું કે, માસ્ટર પ્લાન મુજબ ૧૩૮ તળાવ જિલ્લામાં ઉંડુ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. પરંતુ અભિયાન જનઆંદોલન બની રહેતા જિલ્લામાં ૧૯૯ તળાવો ઉંડા કરીને લોકભાગીદારીનું ઉમદા દષ્ટાંત જિલ્લાએ પુરું પાડ્યું છે. સમગ્ર અભિયાન દરમ્યાન કુલ ખર્ચમાં માત્ર ૧૦ ટકા ખર્ચે જ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. આ કાર્યમાં સહભાગી થનાર સર્વે નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, ઔધોગિક એકમો અને પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપનાર સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સવર્ણોને પણ બિનઅનામત વર્ગ જેવાં પ્રમાણપત્ર મળશે

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત સરકાર દ્વારા હવે રાજયમાં સવર્ણોને પણ બિનઅનામત વર્ગ જેવું પ્રમાણપત્ર આપવાનો નિર્ણય કરાયો છે. આમ, હવે એસસી, એસટી, ઓબીસીની જેમ બિનઅનામત વર્ગ માટે પણ ખાસ પ્રમાણપત્ર આપવામાં આવશે. સરકાર દ્વારા આ અંગેનો ઠરાવ પણ જારી કરી દેવાયો છે. જો કે, બિનઅનામત વર્ગને અનામત વર્ગની માફક જ પ્રમાણપત્રનો લાભ મૂળ ગુજરાતના હોય તેવા લોકોને જ આપવામાં આવશે એ પણ સરકારે સ્પષ્ટ કરી દીધું છે. આ પ્રમાણપત્ર સમાજમાં આર્થિક અને શૈક્ષણિક યોજનાના લાભ મેળવવા માટે આપવામાં આવશે, જેના કારણે હવે સવર્ણોને પણ તેનો પૂરો લાભ મળી શકશે. રાજયના બિન અનામત આયોગ દ્વારા તાજેતરમાં જ સરકારને કેટલીક મહત્વની ભલામણ કરાઈ હતી કે, જીપીએસસીની પરીક્ષામાં બેસવા માટે સવર્ણો માટે પણ વયમર્યાદા વધારવામાં આવે, તેમજ એસસીએસટી સ્ટુડન્ટ્સ માટે બનાવાયેલી સમરસ હોસ્ટેલમાં જો જગ્યા ખાલી પડે તો સવર્ણોને પણ પ્રવેશ અપાય.

આ સિવાય પણ આયોગ દ્વારા અન્ય બીજી ભલામણો [illegible] વામાં આવી છે. [illegible] ગુજરાત રાજયમાં બિન અનામત વર્ગોની જરૂરિયાતને જાણવા માટે રાજય સરકાર તરફથી દરેક જિલ્લામાં સર્વે કરાવવામાં આવશે. [illegible] જિલ્લામાંથી વિવિધ પ્રકારના ૫૦૦-૬૦૦ જેટલા સેમ્પલ લેવામાં આવશે. સરકાર દ્વારા સવર્ણો માટે જાહેર કરાયેલી શૈક્ષણિક તેમજ આર્થિક યોજનાઓ [illegible]

## સોનીપુર ગામે ઉન્નત ભારત અભિયાન હેઠળ કામગીરી





રાંધેજા, તા. ૩૧

ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર દ્વારા ભારત સરકારના ઉન્નત ભારત અભિયાન કાયક્રમ હેઠળ રાંધેજા અને સોનીપુરની પસંદગી કરેલ છે. ઉન્નત ભારત અભિયાન હેઠળ આ બંને ગામોમાં સળંગ પાંચ વર્ષ દરમ્યાન ગ્રામ ઉથ્થાન અને સરકારી સ્કિમોની વિવિધ માહિતી, લીંકેજની કામગીરી કરવામાં આવશે તે અંતર્ગત સોનીપુર ગામનો બેઝ લાઈન સર્વે તા. ૨૮ અને ૨૯ દરમ્યાન વિભાગના વિદ્યાર્થીઓ બેઝ લાઈન સર્વે કરવામાં આવ્યો હતો. આ કાર્યમાં વિભાગીય અધ્યક્ષ ડૉ. રાજીવ પટેલ અને ફેકલ્ટી ડૉ. લોકેશ જૈન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉન્નત ભારત અભિયાનનું કો-ઓર્ડીનેશન ડૉ. સતીષ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સરકારી વિનયન કોલેજ ખાતે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માર્ગદર્શન સેમીનાર યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

સરકારી વિનયન કોલેજ સેકટર-૧૫ ખાતે આગામી તા. ૫ જુનને મંગળવારના રોજ સવારે ૧૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી દ્વારા બી.એ.સેમ-૧ અને એમ.એ. સેમ-૧ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા વિશે માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેને પગલે ધોરણ-૧૨ પાસ કરી આર્ટસ વિદ્યાશાખા ( બી.એ. એમ.એ.)માં પ્રવેશ મેળવવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને ઉપસ્થિત રહેવા સરકારી વિનયન કોલેજના પ્રિન્સીપાલે અનુરોધ કર્યો છે.

## કડવા પાટીદાર સમાજ દ્વારા સિસિકા પ્રતિ આભારની લાગણી

ગાંધીનગર, તા. ૩૧

સિનિયર સિટીઝન કાઉન્સીલના ગૌરવવંતા ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. આ અંગે કાઉન્સિલ દ્વારા રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરી હતી. આ મહોત્સવ દરમિયાન સંસ્થાના મુખપત્ર સેવાયજ્ઞ વિશેષાંકનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. જેની એક નકલ કડવા પાટીદાર સેવા સમાજને પણ આપવામાં આવતા સંસ્થાએ આભાર વ્યકત કર્યો છે. આ પુસ્તકમાં કાઉન્સીલની વિવિધ સેવાકીય, સામાજીક અને ધાર્મિક પ્રવૃતિઓની ઝાંખી કરાવશે અને સિનિયર સિટીઝનની સ્મૃતિ કરાવશે.

## માઉન્ટ કાર્મેલ શાળાએ બે વિદ્યાર્થીઓને એલસી પકડાવતાં વાલીઓની ઉચ્ચકક્ષાએ રજુઆત

### ધો-૮ માં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થીઓને મસ્તીખોર હોવાના પગલે એલસી આપી દીધા હતા, જેમાંથી એક વિદ્યાર્થીને પરત શાળાએ લઈ લીધો છે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે આવેલી માઉન્ટ કાર્મેલ શાળામાં ધોરણ-૮માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ મસ્તીખોર હોવાના પગલે શાળા દ્વારા તેમને લીવીંગ સર્ટીફિકેટ પકડાવી દેવામાં આવ્યા છે. આ બંન્ને વિદ્યાર્થીઓના વાલીઓએ જિલ્લા શિક્ષણાધિકારી અને ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે.ત્યારે આજે વિદ્યાર્થીઓના વાલીઓ આચાર્યને રજુઆત કરવા ગયા તે સમયે તેમની સામે ગેરવતર્ણુક કરી હોવાની લેખિત અરજી પણ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં ગત્ વર્ષે ધો-૮ માં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થીઓને મસ્તીખોર હોવાના પગલે એલસી આપી દીધા હતા. જેમાંથી એક વિદ્યાર્થીને પરત શાળાએ લઈ લીધો છે. જયારે અન્ય બે વિદ્યારથી સામે હજુ પણ શાળાએ કડક વલણ દાખવ્યું છે. આ બંન્ને વિદ્યાર્થીઓના વાલીઓએ જિલ્લા શિક્ષણાધિકારી સહિત રાજયના શિક્ષણ વિભાગમાં પણ લેખિત રજુઆત કરી છે. પરંતુ આ ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ અંગે કોઈ પગલા ભરવામાં આવતા નથી છેવટે આજે કંટાળીને આ વિદ્યાર્થીઓના વાલી શાળામાં રજુઆત માટે શાળામાં ગયા હતા. તે સમયે તેમની સાથે શાળાના સ્ટાફના કર્મચારીઓ દ્વારા ગેરવર્તણુંક કરી હોવાની અરજી સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં વાલી દ્વારા કરવામાં આવી છે. આ બંન્ને વિદ્યાર્થીઓના પિતાએ લેખિતમાં માફીનામું આપવાની તૈયારી દર્શાવી છતા શાળાનું તંત્ર આ મામલે ટસનું મસ થતું નથી અને વિદ્યાર્થીઓને એલસી પકડાવી દીધા છે. જેને પગલે આજે શાળાએ થોડીવાર માટે હોબાળો મચ્ચો હતો.

# પાણી હશે તો જ વિકાસ થશે : મુખ્યમંત્રી



ગાંધીનગર, તા. ૩૧

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાનના બાકી રહેલા કામ ૮મી જૂન સુધીમાં પૂર્ણ કરાશે.

જળ એ જીવન છે આ ઉક્તિ ગુજરાતે સાચા અર્થમાં સાકાર કરી છે. પાણી વિકાસની પારાશીશી પણ છે અને આધાર પણ છે ત્યારે રાજયનો વિકાસ હવે બમણા વેગથી થવાનો છે. જળસંચયના આ અભિયાનથી રાજયમાં જળસ્તર ઉંચા આવશે અને તેનો સીધો લાભ પ્રજાને અને જીવસૃષ્ટિને મળશે એમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્ય મંત્રીશ્રીએ આજે અમદાવાદ જિલ્લાના ધંધુકા ખાતે સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાનના સમાપન પ્રસંગે સંબોધતાં જણાવ્યું હતું કે, રાજ્યની પ્રજાએ તળાવો ઊંડા કરવા જનભાગીદારી સ્વરૂપે નિતારેલો પરસેવો પારસમણી પુરવાર થવાનો છે. લાખો ઘનફુટ માટી ખોદીને ૧૧ હજાર લાખ ઘનફુટ જળસંગ્રહની ક્ષમતા ઉભી કરવાની છે. આ માટી ખેતરોમાં-પાળાઓ ઉપર નાંખી છે તેથી પાણી બચવાની સાથે ખેત ઉત્પાદન પણ વધવાનું છે એમ તેમણે ઉમેર્યું હતું.

જળસંગ્રહ માટે ગુજરાત એક લીડર બન્યું છે. દેશનું સૌથી મોટું અભિયાન ગુજરાતે ઉપાડ્યું છે. આ અભિયાનમાં સંસ્થાઓ-દાતાઓ જોડાયા છે તે સ્વયં એક સિધ્ધિ છે. રાજ્યમાં ૫૫૦૦ કિમી. કેનાલોની સફાઇ કરાઇ છે. અમદાવાદની ખારીકટ કેનાલ પણ આજે સ્વચ્છતાનું પ્રતિક બની છે એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યમાં હાથ ધરાયેલા આ પવિત્ર અભિયાનનો વિરોધ કરનારાઓનો ઉલ્લેખ કરી મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેટલાક લોકો વિરોધ કરવાની માનસિકતાથી પીડાય છે. ધડ માથા વિનાનાં નિવદેનો કરીને કોંગ્રેસ સ્વયં લોકનજરમાંથી ઉતરી ગઇ છે. જળસંચયમાં રૂા. ૨૦૦ કરોડના કામો સામે રૂા. ૨૪૦૦ કરોડના ભ્રષ્ટાચારના આક્ષેપ કરે તે જ પુરવાર કરે છે કે તેમાં કોઇ તથ્ય નથી. કોંગ્રેસને સપનામાં પણ કૌભાંડો આવે છે ત્યારે રાજ્યની ભાજપ સરકારે સાચા અર્થમાં જનભાગીદારીને જોડીને જનહિતનું કામ કર્યું છે.

મુખ્ય મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, બનાસકાંઠામાં મફત ઘાસ આપ્યું ત્યારે ખરીદીમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ કોંગ્રેસે કર્યો પણ છેલ્લા ૩ વર્ષથી એક ઘાસનું તણખલું પણ સરકારે ખરીદ્યુ નથી તો તેમાં ભ્રષ્ટાચારની વાત જ વાહીયાત છે. આ ચૂંટણીલક્ષી અભિયાન નથી પણ જનહિતનું અભિયાન છે એમ તેમણે ઉમેર્યુ હતું. ભવિષ્યની પેઢી પર દુષ્કાળનો ઓછાયો પણ ના પડે તેનું અભિયાન ગુજરાત સરકારે જળસંચયના માધ્યમથી હાથ ધર્યુ હોવાનો ઉલ્લેખ કરી મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ અભિયાન શરૂ કર્યું ત્યારે ૫૨૭ જેસીબી. મશીન હતા આજે ૪૬૦૦ જેસીબી મશીન જોડાયા છે. ૨૦૦૦ ટ્રેકટર -ડમ્પર વધીને ૧૬૦૦૦ થયા છે. ૨૭૦૦૦ શ્રમિકોની શરૂઆત આજે ૩ લાખ શ્રમિકો સુધી પહોંચી છે.

ધંધુકાનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું હતું કે, ‘દીકરીને બંદૂકે દેવી પણ ધંધુકે ન દેવી’ એ કહેવતમાં બદલાવ લાવવાનું સામર્થ્ય રાજ્ય સરકારે પુરવાર કર્યુ છે. આજે ધંધુકામાં દીકરી પરણાવી શકાય તેવું વાતાવરણ નિર્માણ કર્યુ છે. જિલ્લામાં જળસંચય માટે રૂા. ૬ કરોડનું કામ થયું છે તે સંપૂર્ણપણે જનભાગીદારીથી કર્યું છે. આમા રાજ્ય સરકારે એક પણ રૂપિયાનો ખર્ચ નથી કર્યો એમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાત ભાજપાના પ્રભારી શ્રી ભુપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, ગુજરાતે જળસંગ્રહનું ઉપાડેલું આ મહાઅભિયાન ખરેખર પ્રશંસનીય છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સુશાસનની રાજનીતિનો મંત્ર આપ્યો છે. પ્રાકૃતિક સાધનોનો સમૂચિત ઉપયોગ કરી વિકાસની પ્રક્રિયા આગળ ધપાવી છે તે અભિનંદનીય છે. જળસંચયનું અભિયાન આજે પૂર્ણ નથી થયું પરંતુ શરૂ થયું છે. ચોમાસુ દસ્તક દઈ રહ્યું છે ત્યારે તેના અસરકારક પરિણામો મળશે. રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને તેમની ટીમના પ્રયાસોમાં જનભાગીદારી જોડાઈ છે તે જળસંચયના નવા સિમાચિહ્નો પ્રસ્થાપિત કરશે એમ તમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કાર્યક્રમના સ્થળે ઉભા કરાયેલા ‘ સુજલામ્ સુફલામ્ જળઅભિયાન’ પ્રદર્શનને ખુલ્લું મુકી ઝીણવટપૂર્વક નિહાળ્યું હતું.

## ડે.મ્યુનિસિપલ કમિશનરની જગ્યા માટે લાયકાત યથાવત

અમદાવાદ,તા. ૩૧

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન જેવા રાજ્યનાં આર્થિક પાટનગરમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરનો મોભાદાર હોદ્દો મેળવવાનું સ્વપ્ન સેવતાં ઘણાં તંત્રના ખાતાકીય વડાને નિરાશ થવું પડશે. કેમ કે, તંત્રની ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની જગ્યા માટેની ગઈકાલની જાહેરાતમાં લાયકાતમાં કોઈ ફેરફાર કરાયો નથી. જેને પગલે અનેક ખાતાકીય વડાઓ આ મોભાદાર હોદ્દા માટે આશા રાખીને બેઠા હતા, તે આશા પર ઠંડુ પાણી રેડાઈ ગયું છે અને તેથી તેઓમાં ભારે નિરાશાની લાગણી ફરી વળી છે. અગાઉ એવી અટકળો થતી હતી કે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની જગ્યા માટે કોર્પોરેશનમાં ફરજ બજાવતા અધિકારીઓ માટે પ્રથમ શ્રેણીમાં સ્નાતકને બદલે દ્વિતીય શ્રેણીમાં સ્નાતક તેવી લાયકાતને મંજૂરી અપાશે. જોકે ગઈકાલની ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની કુલ પાંચ જગ્યા માટે જાહેરખબરમાં મ્યુનિસિપલ અધિકારીઓ માટેની લાયકાતમાં કોઈ ફેરફાર કરાયો નથી. જેના કારણે અનેક ખાતાકીય વડા કે જે દ્વિતીય શ્રેણીમાં સ્નાતક થયા છે,

## બિટકોઈન મામલે જીગ્નેશ મોરડિયા સહિત ચારની ધરપકડ

### તપાસનીશ એજન્સીએ આરોપી જીગ્નેશ મોરડિયા પાસેથી આઠ કિલો સોનું પણ જપ્ત કર્યુ

અમદાવાદ,તા. ૩૧

ગુજરાતભરમાં ખળભળાટ મચાવનાર બિટકોઈન કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમે આજે જીગ્નેશ મોરડિયા સહિતના ચાર આરોપીઓની ધરપકડ કરતાં ભારે ખળભળાટ મચી ગયો છે. તપાસનીશ એજન્સીએ આરોપી જીગ્નેશ મોરડિયા પાસેથી આઠ કિલો સોનું પણ જપ્ત કર્યુ છે. બીજીબાજુ, સીઆઈડી ક્રાઈમે આ કેસમાં નાસતા ફરતાં શૈલેષ ભટ્ટ સહિતના આરોપીઓની શોધખોળ પણ જારી રાખી છે. ચકચારભર્યા બિટકોઈન કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમની તપાસમાં આજે કેટલાક ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા હતા. જેમાં કુલ ૨૨૫૬ બિટકોઈન પૈકી ૫૦૬ બિટકોઈન જીગ્નેશ મોરડિયાએ બારોબાર વેચી માર્યા હતા. પોલીસે જીગ્નેશ મોરડિયા પાસેથી આઠ કિલો સોનું પણ જપ્ત કર્યું છે. સુરતના ધવલ માવાણીનું અપહરણ કરી રૂ. ૧૩૫ કરોડના બિટકોઈન અને ૧૪.૫૦ કરોડ રૂપિયા રોકડા પડાવી લેવાના ચકચારભર્યા પ્રકરણમાં મુખ્ય આરોપી શૈલેષ ભટ્ટના ચાર સાગરીતોને આજે સીઆઈડી ક્રાઈમ સુરતથી ગાંધીનગરની ઓફિસ લઈ આવી હતી. સીઆઈડી ક્રાઈમની એસઆઈટી ચારેય જણાંની ઘનિષ્ટ પૂછપરછ હાથ ધરી રહ્યા છે. જેમાં શૈલેષ ભટ્ટની સુરત અને અમરેલીના કેટલીક માહિતી પોલીસને જણાવી હતી. સીઆઈડી ક્રાઈમ બિટકોઈનમાં શૈલેષ ભટ્ટ સાથેનો રોલ અને તેમના ભાગે કેટલા નાણાં આવ્યા તેની માહિતી ઓકાવી રહી છે. તપાસનીશ અધિકારી પ્રમોદ નરવાડે સુરતથી આરોપી જીગ્નેશ મોરડિયા, મનોજ, મેહુલ અને ડ્રાઈવરને ગાંધીનગર લઈ આવી હતી. ક્રિપ્ટો કરન્સી બિટકોઈનના ઓપરેટર સતિષ કુંભાણીના વિશ્વાસુ ધવલ માવાણીનું અપહરણ કરી ૨,૨૫૬ બિટકોઈન અને ૧૪.૫૦ કરોડ રૂપિયા રોકડા આંગડિયામાં હવાલા પાડવા મામલે સીઆઈડી ક્રાઈમે નવો ગુનો નોંધીને શૈલેષના ભાણિયા નીકુજ ભટ્ટ અને દિલીપ કાનાણીની ધરપકડ કરી હતી. જેમાં શૈલેષ ભટ્ટ મુખ્ય સૂત્રધાર હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. સીઆઈડી ક્રાઈમે શૈલેષ ભટ્ટની સુરતની ઓફિસમાં સર્ચ હાથ ધરીને બિટકોઈન અને જમીનોને લગતા દસ્તાવેજો કબજે લીધા હતા. જેમાં સ્વામિનારાયણ સંપ્રદાયના કે.પી.સ્વામી સાથે શૈલેષ ભટ્ટ સતત સપર્કમાં હોવાનું બહાર આવ્યું હતું. આજે વધુ ચાર આરોપીઓ પકડાતાં ચકચારભર્યા એવા આ કેસમાં વધુ ચોંકાવનારા ખુલાસાઓ સામે આવવાની પૂરી શકયતા છે.

**ટચુકડી જાહેરાત**

**પોલીસ મહાનિદેશકશ્રી, ઈન્ટેલીજન્સ, ૨જો માળ, પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**
**ટેલી નં. ૦૭૯-૨૩૨૫૪૩૦૪, ફેક્સ નં. ૦૭૯-૨૩૨૫૪૩૦૨**

આ કચેરી ખાતે બીન ઉપયોગી ભંગાર માલસામાન જેમ છે તે જ સ્થિતિમાં નિકાલ કરવાનો થાય છે. જેથી રસ ધરાવનાર ઈસમોએ તા. ૪/૬/૨૦૧૮ સુધીમાં અત્રેની કચેરીના ચાલુ કામકાજ દિવસો દરમિયાન રૂબરૂમાં રજીસ્ટ્રી શાખામાં આવી નિકાલ કરવાના ભંગાર માલસામાન જોઈ તપાસી બંધ કવરમાં ભાવપત્રક મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

સહી/-
(આર. જે. સવાણી
પોલીસ મહાનિરીક્ષક
ઈન્ટેલીજન્સ, ગુ.રા., ગાંધીનગર

માહિતી/૫૬૨/૧૮-૧૯